| GJBK010015292026 | રજુ તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ | |
|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ | |
| | ફેંસલ તારીખ | **૦૭/૦૮/૨૦૨૬** | |
| | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૩ | ૧૭ |

**બનાસકાંઠાના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજ નંબર : ૪૬૭/૨૦૨૬**

**આંક–**

**અરજદાર :** **ઉમતિયા સલમાનભાઇ અબ્બાસભાઈ**
ઉ.વ. ૩૪ આ, ધંધો – વેપાર,
રહે. પુંજપુર, તા. દાંતા,
જિ. બનાસકાંઠા.

**વિ રૂ ધ્ધ**

**સામાવાળા :** **શ્રી સરકાર**

| **બાબત :–** | બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ મુજબ દાંતા પો.સ્ટે. ગુન્હા રજી.નં. ૧૧૧૯૫૦૧૫૨૬૦૦૯૦/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૨૨૧,૨૮૧ તથા એમ.વી.એકટની કલમ – ૧૮૪ તથા ધી માઇન્સ એન્ડી મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૧૯૫૭ ની કલમ– ૪(૧),૪(૧)એ, તથા ગુજરાત ખનીજ (ગેરકાયદેસર ખાણ કામ હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો, ૨૦૦૫, ૨૦૧૬ અને ૨૦૧૭ અધિનિયમની કલમ–૩ મુજબના ગુન્હાના કામે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ ડમ્પર નં. જી.જે.૧૬ એ.ડબલ્યુ–૫૧૦૫ પરત મેળવવા. |
|---|---|

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલ શ્રી પી.ડી. પટેલ<br>સામાવાળા તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા |

**–:: ચુ કા દો ::–**

(૧) હાલની અરજી અરજદાર તરફે બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭

મુજબ દાંતા પો.સ્ટે. ગુન્હા રજી.નં. ૧૧૧૯૫૦૧૫૨૬૦ ૦૯૦/૨૦૨૬, બી.એન. એસ.ની કલમ–૨૨૧,૨૮૧ તથા એમ.વી. એકટની કલમ – ૧૮૪ તથા ધી માઇન્સ એન્ડી મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૧૯૫૭ ની કલમ–૪(૧), ૪(૧)એ, તથા ગુજરાત ખનીજ (ગેરકાયદેસર ખાણ કામ હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો, ૨૦૦૫, ૨૦૧૬ અને ૨૦૧૭ અધિનિયમની કલમ–૩ મુજબના ગુન્હાના કામે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ ડમ્પર નં. જી.જે.૧૬ એ.ડબલ્યુ– ૫૧૦૫ વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા માટે કરેલ છે.

(૨) અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતાં, સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી.પી. શ્રી ડી.એચ. છાપીયા હાજર થયેલ છે અને આંક.૦૬ થી ત.ક.અધિકારીનો અભિપ્રાય રજુ થયેલ છે.

(૩) અરજદાર તરફે થયેલ રજુઆત મુજબ અરજદારની માલિકીનું ડમ્પર જેનો રજીસ્ટર નં. GJ–16–AW–5105 જેનું 4–DIGND 3525 TK 8X4 EBSVI, HD23BX મોડલ–૨૦૨૨ છે જે તપાસના કામે દાંતા પોલીસ ધ્વારા મુદ્દામાલ તરીકે કબજે લીધેલ છે. સદરહું મુદ્દામાલના ડમ્પરના અરજદાર માલિક છે અને સદરહું મુદ્દામાલ વાહન અરજદારના ધંધાના કામે ઉપયોગ કરતા હોઇ તેઓને પારાવાર મુશ્કેલીઓ પડે છે તેમજ આર્થીક નુકસાન ભોગવવું પડે છે. ગુનાના કામનો ઝડપી નિકાલ થઇ શકે તેમ ન હોઇ અને લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો બગડી જાય તેમજ તેની બેટરી તથા સ્પેરપાર્ટસ બગડી જવાની પુરેપુરી શકયતા હોય, ના. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા ખુશી હોય, અરજદારને તેમની માલિકીનું વાહન પરત સોંપવા હુકમ કરવા અરજ કરેલ છે .

(૪) સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા એ પોતાની

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

દલીલમાં એવું જણાવેલ છે કે, મુદ્દામાલ વાહન બી.એન. એસ.ની કલમ–૨૨૧,૨૮૧ તથા એમ.વી. એકટની કલમ – ૧૮૪ તથા ધી માઇન્સ એન્ડી મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૧૯૫૭ ની કલમ– ૪(૧), ૪(૧)એ, તથા ગુજરાત ખનીજ (ગેરકાયદેસર ખાણ કામ હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો, ૨૦૦૫, ૨૦૧૬ અને ૨૦૧૭ અધિનિયમની કલમ–૩ મુજબના ગેરકાયદેસર ખનિજ વહનના ગંભીર ગુનામાં સંડોવાયેલ હોય તેમજ ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન વાહનની જરૂર પડે ના. કોર્ટમાં રજૂ થાય કે કેમ તે પણ શંકાસ્પદ હોવાથી અરજદારની હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આંક. ૦૬ થી રજુ થયેલ પોલીસ અભિપ્રાય ધ્યાને લેતાં, આરોપીએ પોતાના કબજા ભોગવટાનું વાહન ડમ્પર નં. જી.જે.૧૬ એ.ડબલ્યુ. ૫૧૦૫ નું રોયલ્ટી તેમજ વગર પાસ પરમીટે અધર બિલ્ડીંગ સ્ટોન ખનિજ નું બિનઅધિકૃત રીતે ભરી વહન કરી પુરઝડપે હંકારી લઇ સદર વાહન ડમ્પરને ઉભું રખાવવા પ્રયત્ન કરતા કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ડમ્પરના ચાલકે પોતાનું વાહન નહિ ઉભું રાખી કુલ સ્પીડમાં ચલાવી જતા રહી ગે.કા. અને વગર પાસ પરમીટે અધર બિલ્ડીગ સ્ટોન ખનિજનું બિનઅધિકૃત વહન કુલ કિંમત રૂા. ૨,૮૦,૦૨૬/– નું આરોપી ધ્વારા સરકારશ્રીનું આર્થીક નુકસાન કરી ગુન્હો કરેલ હોય, આરોપીએ સરકારને કરેલ નુકસાનની ભરપાઇ કરેલ ન હોઇ ગુનાના કામે કબજે કરેલ ગાડી છોડવામાં આવે તો સરકારશ્રીને થયેલ નુકસાનની ભરપાઇ થઇ શકે તેમ ન હોઇ, અરજદારની ગાડી નહિ છોડવા અભિપ્રાય આપેલ છે.

(૬) અરજદારની હાલની અરજી, અરજીના સમર્થમાં આંક–૦૪ ના દસ્તાવેજી લીસ્ટથી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો, બન્ને પક્ષના વિ. વકીલશ્રીઓની દલીલો તથા ત.ક.અધિકારીનો અભિપ્રાય વંચાણે લીધો. અરજદાર તરફે નિ. ૩/૧ થી એફ.આઇ.આર.ની નકલ, નિ.

૩/૨ થી ડમ્પરની આર.સી. બુકની નકલ, નિ. ૩/૩ થી અરજદારના આધાર કાર્ડની નકલ અને નિ. ૩/૪ થી ડ્રાઇવરના આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે. અરજદાર તરફે આંક. ૩ થી નો કલેઇમ પુરસીસ રજુ કરેલ છે જે મુજબ વાહનના ચાલક આરોપી રાવળ આકાશકુમાર રામાભાઇ રહે. રાવળ વાસ ટીંબાચુડી, તા. વડગામ નાઓએ સદરહું વાહન અરજદારને પરત સોંપવામાં આવે તો કોઇ વાંધો તકરાર નથી અને તેઓ વાહન પરત મેળવવા કોઇ જ કલેમ અરજી કરતા નથી તેમ જાહેર કરેલ છે. અરજદાર તરફે આંક. ૮ ના લીસ્ટથી દંડકીય રકમ ભર્યાના ચલણની નકલ રજુ કરેલ છે જે મુજબ અરજદારે આશરે ૩૫ ટન અધર બિડીંગ સ્ટોન ખનિજ બિનઅધિકૃત વહન કરતા પકડાયેલ જેથી જી.એમ.પી. આઇ.ટી.એસ. રુલ્સ, ૨૦૧૭ ના નિયમ–૨૨ અ,બ,ક અને ૫ મુજબ કેસની સમાધાનની રકમ રૂા. ૨,૭૬,૭૫૦/– તા. ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ ભુસ્તરશાસ્ત્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, પાલનપુર, જિ. બનાસકાંઠા માં દંડકીય રકમ ભરપાઇ કરી દીધેલ છે. નિ. ૪/૨ થી રજુ થયેલ વાહનની આર.સી. બુક જોવામાં આવે તો તેમાં વાહનના રજીસ્ટર્ડ ઓર્નર તરીકે ઉમતીયા સલમાનભાઇ અબ્બાસભાઇ રહે. પુંજપુર, પો. પુંજપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠા યાને કે હાલના અરજદારના નામે સદરહું વાહન રજીસ્ટ્રેશન થયેલ છે. આમ અરજદાર વાહનના માલિક ધ્વારા સમાધાન સ્વીકારી ગુન્હો માંડવાળ કરવા કેસ સમાધાનની રકમ રૂા. ૨,૭૬,૭૫૦/– ચલણ થી તા. ૬/૦૮/૨૦૨૬ ના રોજ દંડકીય રકમ ભરપાઇ કરેલ છે, ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીંગલ માઇનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ–૨૦૧૭ ના નિયમ–૨૧ અને ૨૨ હેઠળની જોગવાઇઓ મુજબ દંડકીય રકમની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કસુરદાર વાહન માલિક શ્રી ધ્વારા સમાધાન સ્વીકારી ગુન્હો માંડવાળ કરવાના કેસમાં દંડકીય રકમ

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

ચલણ થી ભરપાઈ કરેલ છે, આથી સદર કાયદાના નિયમ−૨૨ થી મળેલ સત્તાની રૂએ સદર ગુન્હો આથી માંડવાળ કરવામાં આવેલ છે. આ કામે ૪/૨ થી આર.સી. બુક ઓર્નર જે હાલના અરજદાર પોતે છે અને અરજદારની માલિકી કબજા ભોગવટાનુ વાહન છે. વાહનના ડ્રાઈવર તરફે અરજદારન વાહનના માલિકને વાહન પરત સોંપવામાં આવે તો કોઈ વાંધો તકરાર નથી તેવુ આંક. ૩ ની પુરસીસથી જાહેર કરેલ છે. ત.ક.અધિકારીના અભિપ્રાય સાથે રજુ થયેલ મુદ્દામાલ રીકવરી પંચનામું જોતાં ગુનાના કામે મુદ્દામાલ વાહન આરોપીએ રજુ કરેલ છે, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે. આમ, સદરહું મુદ્દામાલ વાહન હાલના અરજદારની માલિકીનું છે અને હાલમાં પોલીસ સ્ટેશનમાં લાંબો સમયથી પડી રહેલ છે અને જો વધુ સમય અરજદારનુ વાહન રાખી મુકવામાં આવે તો તેની બોડી, સ્પેરપાર્ટસ, એન્જીન વિગેરેને નુકસાન થવાની પુરતી સંભાવના રહેલ છે તેમજ આરોપી સામેનો કેસ ચાલીને પુરો થતાં ઘણો સમય લાગે તેમ હોય અને તેટલા સમય સુધી અરજદારનુ વાહન પો.સ્ટે. માં રાખી મુકવું યોગ્ય જણાતું નથી વધુમાં, મુદ્દામાલ અંગે નામદાર સુપ્રિમકોર્ટે **<u>૨૦૦૩(૧), જી.એલ.એચ. ૩૦૭, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>** ના કેસમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>સ્પેશ્યલ ફોજદારી અરજી નં. ૯૨૦/૨૦૦૬ માં નિલેશ ગંભીરસિંહ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>** ના કેસમાં એવું ઠરાવેલ છે કે, મુદ્દામાલનો શકય તેટલો ઝડપથી યોગ્ય નિકાલ કરવો જોઈએ અને તેના યોગ્ય માલિકને પરત કરવો જોઈએ તેવું ઠરાવેલ છે. એટલું જ નહિ, પરંતું મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં બિન−ઉપયોગી હાલતમાં પડી રહે તો તેની ગુણવત્તામાં ઘટાડો થવાનો પણ સંભવ રહેલ છે. તેથી, આ મુદ્દામાલ વાહનનો વચગાળાનો કબજો બોન્ડ તથા ગેરંટી લઈ અરજદારને પરત સોંપવો યોગ્ય અને ન્યાયિ હોવાનું જણાય છે. તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર

## -:: <u>હુકમ</u> ::-

**૧.** અરજદાર ઉમતીયા સલમાનભાઈ અબ્બાસભાઈ, રહે. પુંજપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠા નાઓની હાલની આ અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** દાંતા પો.સ્ટે. ગુન્હા રજી.નં. ૧૧૧૯૫૦૧૫૨૬૦ ૦૯૦/૨૦૨૬, બી.એન. એસ.ની કલમ-૨૨૧,૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ - ૧૮૪ તથા ધી માઈન્સ એન્ડી મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ, ૧૯૫૭ ની કલમ- ૪(૧), ૪(૧)એ, તથા ગુજરાત ખનીજ (ગેરકાયદેસર ખાણ કામ હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો, ૨૦૦૫, ૨૦૧૬ અને ૨૦૧૭ અધિનિયમની કલમ-૩ મુજબના ગુન્હાના કામે કબજે કરેલ ડમ્પર જેનો રજીસ્ટર નં. GJ-16-AW-5105 જેનું 4-DIGND 3525 TK 8X4 EBSVI, HD23BX મોડલ-૨૦૨૨ છે, તેનો વચગાળાનો કબજો અરજદારને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમત કરતાં દોઢી રકમના બોન્ડ સહિતના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી, આ કામના ગુનાવાળા કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી નીચેની શરતોને આધિન સંપૂર્ણપણે વચગાળાના ધોરણે પરત કરવા**નો ભારતિય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭** અન્વયે હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

૧. અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મુદ્દામાલ વાહન અન્ય કોઈ ગુનાના કામે સંડોવશે નહિ.

૨. અરજદારે આ ગુનાના કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી મુદ્દામાલ વાહનના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો કરાવવો નહી.

૩. અરજદાર આ ગુનાના કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી મુદ્દામાલ વાહન ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરશે નહિ કે તેને તારણમાં મુકશે નહિ કે તેને બક્ષિસ કરશે નહિ કે તેને વેચાણ કરશે નહિ કે કોઈ રીતે તેની માલિકી તબદીલી કરશે નહિ.

૪. અત્રેની કોર્ટ જયારે અને જયાં જણાવે ત્યારે અને ત્યાં અરજદારે મુદ્દામાલ રજુ કરવાનું રહેશે.

- ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી તપાસ કરનાર અધિકારી મુદ્દામાલ સીધે સીધો કબજે કરી શકશે.

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

– જામીન કંન્શર્ન પોલીસ સ્ટેશનમાં રજુ કરવા.

– સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજ તા. **૭ મી** માહે **ઓગષ્ટ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૦૭/૦૮/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

**//raval//**

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર